જન્મદિને વધામણી

ડો. ભાવિન ભટ્ટ
ડર્મેટોલોજીસ્ટ, ગાંધીનગર
મો. : ૯૮૨૪૩૪૩૩૨૨

ડો. રમેશભાઈ પટેલ
કારોબારી સભ્ય,
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. : ૯૪૨૬૩૬૮૦૯૧

ઉત્તર ગુજરાતના અમર સૂર સમ્રાટ સ્વ. મણીરાજ બારોટની નવમી પુણ્યતિથિ નિમિત્તે વડીલ વંદના અને ભજનભાવ તેમજ વૃક્ષારોપણનો કાર્યક્રમ કૈલાસધામ વૃધ્ધાશ્રમ, પેથાપુર ખાતે સ્વ. મણીરાજ બારોટની દીકરી રાજલ બારોટ તથા ગુજરાતની જાણીતી સાંસ્કૃતિક સંસ્થા સૂર પંચમ બીટ્સ દ્વારા બુધવારે સાંજે યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે વૃક્ષારોપણનો કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો હતો. સાંસ્કૃતિક કાર્યક્રમમાં ગુજરાતના નામાંકિત કલાકારો ઉપસ્થિત રહ્યા હતા, જેમણે સ્વ. મણીરાજ બારોટને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

બીબીએ કૉલેજ દ્વારા ઔદ્યોગિક શિષ્ટાચાર કેળવણી અંતર્ગત વર્કશોપનું સમાપન

ગાંધીનગર, તા. ૧

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંચાલિત બી. પી. કૉલેજ ઓફ બિઝ્નેશ ઍડ્મિનિસ્ટ્રેશન દ્વારા મેનેજમેન્ટ નાં વિદ્યાથીઓને અભ્યાસમાં તેમજ અભ્યાસબાદ વ્યવસાય તેમજ પોતાનાં વ્યક્તિગત જીવનમાં શિષ્ટાચાર કેળવણી નું જ્ઞાન હોવુ આવશ્યક છે. કારણ કે આજે જીવનનાં દરેક ક્ષેત્રમાં જ્ઞાન કૌશલ્ય નો પ્રભાવ અને પ્રતિભાવ દરેક વ્યક્તિ ને સાંપડતોજ હોય છે. આ સમયે વિદ્યાર્થીકાળ દરમ્યાન દરેક વિદ્યાથીઓએ પોતાના કૌશલ્ય નિખાર તેમજ તેજસ્વીતા વધારી અર્થોપાર્જન ની દરેક પ્રવૃતિઓ હાથ ધરવા શિષ્ટાચારને ખૂબ મહત્વ આપવુ જોઈએ.. આજના આ વર્કશોપના મુખ્ય વક્તા શ્રી જે. સી. પટેલ સાહેબે વિદ્યાથીઓને તેમની અભ્યાસલક્ષી બાબતોને ધ્યાનમાં રાખી બે કલાક સુધી ૮૫૦ વિદ્યાથીઓ ને આયોજનબદ્ધ રીતે માર્ગદર્શન આપ્યુ હતુ. તેઓશ્રી એ બધાને સંબોધતા કહ્યુ હતુ કે વિદ્યાથીકાળ દરમ્યાન આવતી સમસ્યાઓ ને કઈ રીતે નિવારી શકાય તેમજ વિદ્યાથીઓમાં શિસ્ત, હકારાત્મક અભિગમ અને આત્મવિશ્વાસ વધારી દરેક ક્ષેત્રે કેવી રીતે સફળતા મેળવી શકાય તે અંગે ચર્ચા કેરી હતી. સાથે સાથે ધર્મ ને પણ તાર્કિક રીતે જોડી વિદ્યાથીઓ ને સમજાવ્યુ હતુ કે ધ્યાન નું પણ એટલુંજ મહત્વ છે. ધ્યાન થી થતા અનેક ફાયદાઓ વિસ્તૃત છણાવટ કરી વિદ્યાર્થીઓને હૉલ માંજ ધ્યાન નું પ્રેક્ટિકલ અનુભવ કરાવ્યો હતો જેનાથી વિદ્યાર્થીઓ અભિભૂત થઈ ગયા હતા. વિદ્યાર્થીઓ ને કૉર્પોરેટ જગતનાં ઍટીકેટ્સ, ઔદ્યોગીક ક્ષેત્રે આવતા પડકારો ને પંહોચી વળવા અનેક સૂચનો કર્યા હતા.

વર્કશોપનુ સંચાલન ડૉ જયેશ જે તન્નાએ કર્યુ હતું તેમજ વર્કશોપ ને સફળ બનાવવા કોલેજના આચાર્ય શ્રી ડૉ રમાકાન્ત પ્રસ્ટી ના માર્ગદર્શન હેઠળ ડૉ જયેશ જે તન્ના તેમજ સમગ્ર પ્રાધ્યાપકો અને નોનટિચિંગ સ્ટાફે ખુબજ મહેનત કેરી હતી.

મનોરંજન

સિનેમેક્સ

સ્ક્રીન-૧
પુલી (હિન્દી)
૯.૧૦, ૧૨.૨૦
ગુજ્જુભાઈ ધ ગ્રેટ
૩.૩૦
બાંકે કી ક્રેઝી બારાત
૬.૩૦, ૯.૩૦
સ્ક્રીન-૨
સિંઘ ઈઝ બ્લિંગ
૧૦.૧૫, ૧.૧૫, ૪.૨૦,૭.૨૫, ૧૦.૩૦
સ્ક્રીન-૩
ગુજ્જુભાઈ ધ ગ્રેટ
૧૦.૧૫, ૯.૫૦
તલવાર
૧.૧૫, ૭.૦૦
કિસ કિસ કો પ્યાર કરું
૪.૦૫
સ્ક્રીન-૪
સિંઘ ઈઝ બ્લિંગ
૯.૦૦, ૧૨.૦૦, ૩.૦૫, ૯.૨૦
પુલી (હિન્દી)
૬.૧૦

સિટી પલ્સ

સ્ક્રીન-૧
સિંઘ ઈઝ બ્લિંગ
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦
સ્ક્રીન-૨
તલવાર
૭.૦૦
પુલી (હિન્દી)
૧.૦૦, ૪.૦૦, ૧૦.૧૫
સ્ક્રીન-૩
ધ માર્ટીયન (ડી અંગ્રેજી)
૧.૦૦, ૭.૧૫
ધ માર્ટીયન (ડી હિન્દી)
૪.૧૫, ૧૦.૦૦
સ્ક્રીન-૪
પુલી (હિન્દી)
૧૦.૦૦
કિસ કિસ કો પ્યાર કરું
૧૨.૪૫
ગુજ્જુભાઈ ધ ગ્રેટ
૩.૩૦
પુલી (તમિલ)
૭.૦૦
સ્ક્રીન-૫
સિંઘ ઈઝ બ્લિંગ
૧૦.૦૦
તલવાર
૧૨.૪૫, ૩.૪૫, ૧૦.૦૦
ગુજ્જુભાઈ ધ ગ્રેટ
૭.૦૦

‘‘સ્વચ્છતા અભિયાનમાં અમારોય ફાળો’’

ગાંધીનગર, તા. ૧

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી વી એમ પટેલ કુમાર અને શ્રીમતી એચ વી પટેલ કન્યા બાલમંદિર ગુજરાતી માધ્યમનાં નાનાં ભૂલકાઓએ ગુરુવારે ગાંધી જયંતિ નિમિત્તે સ્વચ્છતા અભિયાન કાર્યક્રમ તથા તે સંબંધી પ્રભાતફેરીનો કાર્યક્રમ યોજ્યો હતો. જેમાં બાળકોએ રઘુપતિ રાઘવ રાજા રામ... ગાઈ તેમજ ગાંધી બાપુ અમર રહો...ના નારાથી કડી કૅમ્પસ ગજાવી મૂક્યું હતું. બાળકો પોતાની સાથે ઘરેથી નાની-નાની સાવરણીઓ લઈને આવ્યા હતા અને તેમણે સમગ્ર કૅમ્પસના રસ્તાઓની પ્રતીકાત્મક રૂપે સફાઈ કરી હતી. દરેક બાળકના ગળામાં સ્વચ્છતા સંબંધી સુત્રોનાં બૉર્ટ લટકાવવામાં આવ્યાં હતાં.

સ્વચ્છતા કાર્ય અને રેલીના આયોજનમાં બાલમંદિરનાં ભૂલકાઓ, શિક્ષકો તેમજ બાલમંદિરના કો-ઓર્ડેનેટર કિરણબેન પટેલ પણ સામેલ થયાં હતાં. કૅમ્પસ ડિરેક્ટર સોમભાઈ પટેલે આ પ્રસંગે ઉપસ્થિત રહી સૌને પ્રોત્સાહિત કર્યા હતા.

ચૌધરી કૉલેજની વિદ્યાર્થીનીઓ સ્ટેટ ટેક્વોન ડોમાં ઝળકી

ગાંધીનગર, તા. ૧

ગુજરાત સ્ટેટ ઍમેચ્યોર ટેક્વોન ડો એસોસિએશન દ્વારા આયોજિત પચીસમી સ્ટેટ ટેક્વોન ડો ચેમ્પિયનશીપ તાજેતરમાં ઍસએજી કૉમ્પલેક્સ, ખોખરા, મણિનગર, અમદાવાદ ખાતે યોજવામાં આવી હતી. આ સ્પર્ધામાં શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજની ૬ વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આરજુ ડી ચૌધરીએ ગોલ્ડ મેડલ, નીપા એ ચૌધરીએ સિલ્વર મેડલ અને રીપલ ચૌધરી, તૃષા પુરાણી, રિદ્ધિ પુરામી, મહિમા ઉપાધ્યાયે બ્રોન્ઝ મેડલ મેળવીને કૉલેજનો ગૌરવ અપાવ્યું હતું. સર્વ ખેલાડીઓને કૉલેજનાં આચાર્ય ડૉ. ઉર્મિલાબેન ચૌધરી, કૉલેજ પરિવાર દ્વારા અભિનંદન અપાયા હતા.

ગાંધીનગર સાહિત્ય સભાને આંગણે આનંદનો અવસર...

ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જહાના લીંધાં હેતનાં ઓવારણાં

ગાંધીનગર, તા. ૧

ગુજરાતી સાહિત્યના પ્રચાર-પ્રસાર માટે છેલ્લાં અઢાર વર્ષથી દર માસના બીજા રવિવારે અચૂક મળતી ગાંધીનગર સાહિત્ય સભાની કારોબારી બેઠક પ્રમુખ ભરત કવિના અધ્યક્ષસ્થાને અને મંત્રી સંજય થોરાતના યજમાનપદે યોજાઈ ગઈ.

આવનારાં સમયનાં કાર્યક્રમો અને સાહિત્ય અધિવેશનની ચર્ચા અને આયોજન સાથે સાહિત્ય ક્ષેત્રે અનોખું નામ ધરાવતા અને સાહિત્ય સભાના સભ્ય એવા કવિ શ્રી ભાગ્યેશ જહાની તાજેતરમાં ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ તરીકે વરણી થઈ હતી, એ પ્રસંગ એ સાહિત્ય સભાને આંગણે આનંદનો અવસર છે. કારોબારી બેઠક બાદ ભાગ્યેશ જહાને શાબ્દિક આવકારી એમનું શાલ ઓઢાડી સન્માન ભરત કવિ, સુરેશ ભટ્ટ, સંજય થોરાત, મૂળજીભાઈ પરમાર, હરેશ ભટ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગને વધાવવા મનોજ શુક્લ, પ્રજ્ઞા પટેલ, સી ડી ધનેશ્વર, રમણલાલ શ્રીમાળી, મહેન્દ્ર રાઠોડ, સોમાભાઈ પરમાર, બાબુદાન ગઢવી, મૌલિક બોરીજા, જિતેન્દ્ર ત્રિવેદી, સુમંત શાહ અને કિશોર જીકાદરાએ પુષ્પગુચ્છથી સ્વાગત કરી હેતનાં ઓવારણાં લીધાં હતાં.

સાહિત્યકારોની આ બેઠકમાં કવિ ભાગ્યેશ જહાએ બિલકુલ સાંપ્રત સમયને અનુકૂળ દેડકાની કવિતા સંભળાવી ઉપસ્થિત સૌને રાજીના રેડ કરાવી દીધા હતા. આ પ્રસંગે હાજર ન રહી શકનાર પ્રેસ અકાદમીના સચિવ પુલક ત્રિવેદી, સાહિત્ય અકાદમીના કનૈયાલાલ ભટ્ટ અને ગાંધીનગર કલ્ચરલ ફોરમના પ્રમુખ કૃષ્ણકાન્ત જહાએ શુભેચ્છાઓ પાઠવી હતી.

ચૌધરી કૉલેજની વિદ્યાર્થીનીઓએ સંશોધનપત્ર રજૂ કર્યા

ગાંધીનગર, તા. ૧

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજની વિદ્યાર્થીની કુ. અનુજા બી પટેલ અને રોશની એમ પટેલે સરસપુર કૉલેજ, અમદાવાદ દ્વારા આયોજિત માનવ અધિકાર વિષય અંતર્ગત અનુક્રમે કુ. અનુક્રમે માનવ અધિકાર અને બાળકો અને માનવ અધિકાર અને સ્ત્રીઓ પર ઘરેલૂ હિંસા વિષય પર સંશોધનપત્ર રજૂ કર્યા હતા.

આજે જ્યારે સંશોધન તરફ લોકોની અભિમુખતા ઘટી રહી છે ત્યારે સ્નાતક કક્ષાએ અભ્યાસ સાથે આ વિદ્યાર્થીનીઓએ સંશોધન પત્ર રજૂ કરીને આ સાબિત કરી આપ્યું છે કે વિદ્યાર્થીઓને હજુ સંશોધનમાં રસ તો છે.

વિદ્યાર્થીઓના આવા સકારાત્મક પ્રયત્નોને કેળવણી મંડળ, આચાર્ય અને અધ્યાપકો દ્વારા પોતાના ગર્વ તરીકે લઈ બંને વિદ્યાર્થીનીઓને બિરદાવવામાં આવી છે તથા તેમને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

વિદ્યાર્થીનીઓને આ સંદર્ભે યોગ્ય માર્ગદર્શન ડૉ. નરેન્દ્ર કે પટેલ દ્વારા પૂરું પાડવામાં આવ્યું હતું, જેમને પણ કૉલેજ પરિવાર વતી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે આ બંને વિદ્યાર્થીઓના સંશોધન પત્રો પ્રકાશન માટે પસંદ કરવામાં આવ્યા છે.

ગાંધીજીનું પત્રકારત્વક્ષેત્રે અનેરું યોગદાન

સત્યને વિશષણના શણગારની જરૂર હોતી નથી : ગાંધીજી

હિન્દીમાં પ્રસિધ્ધ થતું ‘સંગબાદ કૌમુદિ’ એ ભારતનું સૌપ્રથમ વર્તમાનપત્ર હતું. ત્યારબાદ ભારતનું બીજું અને ગુજરાતી ભાષાનું સૌથી પહેલું વર્તમાનપત્ર ૧૮૨૨માં મુંબઈ સમાચાર પ્રસિધ્ધ થયું હતું. ફરદુનજી મર્જબાન જે ગુજરાતી પત્રકારત્વના પિતા ગણાય છે તેમણે ૧૮૨૨માં વર્તમાનપત્ર શરૂ કર્યા બાદ ૧૮૮૦ સુધીનો સમય તો ગુજરાતી વર્તમાનપત્રનો પ્રથમ યુગ કહેવાય છે. ૧૮૮૦માં સુરતના શ્રી ઇચ્છારામ સુર્યરામ દેસાઈના તંત્રીપદે ‘ગુજરાતી’ સાપ્તાહિકનો ઉદય થયો. તે વર્તમાનપત્રનો દ્વિતિય યુગ અને સપ્ટેમ્બર ૧૯૧૯માં ગાંધીજીએ ‘નવજીવન’ અખબારની શરૂઆત કરી ત્યારથી ગુજરાતી વર્તમાનપત્રનો ત્રીજો યુગ શરૂ થયો.

ગાંધીજીએ ‘નવજીવન’ શરૂ કરતાં પહેલાં દક્ષિણ આફ્રિકામાં ઘણો લાંબો સમય ‘ઇન્ડિયન ઓપિનિયન’માં સફળ પત્રકાર તરીકે ભૂમિકા ભજવી હતી. ગાંધીજીના આગમન પહેલાંના પત્રોમાં સંસ્કૃત વિદ્વતપ્રચુર ભાષાનો ભરપૂર ઉપયોગ થતો હતો. જોકે નર્મદે ‘ડાંડિયો’ પાક્ષિક શરૂ કરીને સુધારાવાદી વિચારો રજૂ કરતું ગુજરાતી ગદ્ય સારી રીતે વિકસાવ્યું હતું. પરંતુ દરેક પ્રજા સમજી શકે તેવી ભાષામાં વર્તમાનપત્રો ચલાવવાનું શ્રેય ગાંધીજીને જાય છે. નવજીવન દ્વારા ગાંધીજીએ નવો જ આદર્શ રજૂ કર્યો. ભાષા ભારેખમ નહિ પણ ખેડૂતો અને વણકરને પણ સમજાય તેવી સરળ, લખાણો સાહિત્યિક નહીં પરંતુ વિચારર જૂકરનારા, સમાચારો વર્ણનાત્મક નહિ પરંતુ પ્રજા કેળવણીને લક્ષમાં રાખી સચોટ રીતે રજૂ કરતા હતા. નવજીવનના પ્રથમ અંકમાં જ તેમણે જણાવ્યું હતું કે ‘નવજીવનમાં ક્યાંય વગર વિચાર્યું વાક્ય નહિ હોય. નકામા વિશેષણો પણ નહિ હોય. ખરું જોતાં સત્યને વિશષણના શણગારની જરૂર હોતી નથી.’ પત્રકારત્વ એ ગાંધીજીનો વ્યવસાય નહોતો પરંતુ જનસેવાના શ્રેષ્ઠ માધ્યમ તરીકે તેમણે આજીવન પત્રકારત્વ સ્વીકાર્યું હતું. ૧૯૦૪માં દક્ષિણ આફ્રિકામાં ઇન્ડિયન ઓપિનિયન શરૂ કર્યું ત્યારથી મૃત્યુ સુધી એમણે નવજીવન, યંગ ઇન્ડિયા, હરીજન, હરીજનબંધુ વગેરે વર્તમાનપત્રોમાં લોકજીવનને સ્પર્શતા તમામ મુદ્દાઓ પર આશ્ચર્ય પમાડે તેટલું વિપુલ લખાણ લખ્યું હતું. હિન્દી નવજીવનમાં હિન્દી ભાષામાં પણ તેમણે અત્યંત સચોટ તંત્રીલેખો લખ્યા હતા. તેમની સરળ અને હૃદય સોંસરવી ઉતરી જાય તેવી ભાષાથી પ્રજાજનોની રાષ્ટ્રીય ચેતના આળસ મરડીને બેઠી થઈ હતી. તેઓ સરકારના અંકુશને વશ થયા વિના લખતા. ૧૯૪૦માં વ્યક્તિગત સત્યાગ્રહ વખતે તેમના પત્રો પર પ્રતિબંધ મૂક્યો. ૧૯૪૧માં પુનઃ પ્રકાશન ચાલુ કર્યું. તેમણે સ્પષ્ટપણે જાહેર કર્યું કે વર્તમાનપત્રો ચલાવવા આટલુ ગુણો હોવા જ જોઈએ - પ્રામાણિકતા, સ્વચ્છતા, નીડરતા, ન્યાયબુધ્ધિ, વાચક અને જનતા પ્રત્યેના કર્તવ્યનું ભાન, લાલચોનો ત્યાગ તથા સમાચારો ભેગા કરવાની ક્ષમતા. વર્તમાનપત્રો એ મોટી શક્તિ છે પણ જેમ નિરંકુશ પાણીનો ધોધ ગામનાં ગામ ડૂબાવે છે ને પાકનો નાશ કરે છે તેમ નિરંકુશ કલમનો ધોધનો નાશ કરે છે. એ અંકુશ બહારથી આવે તો તે નિરંકુશતા કરતાં વધારે ઝેરી નીવડે છે. અંદરનો અંકુશ જ લાભદાયી હોઈ શકે.

લેખનકાર્ય એ ગાંધીજીનું સાધ્ય ન હતું, સાધન હતું. નિઃસ્વાર્થ સેવાભાવના અને ઉદ્દાત કર્તવ્યનિષ્ઠામાં રત રહેલા આ મહાપુરુષે સમયે સમયે એની સામે આવેલા અનેક પ્રશ્નોના ઉકેલ માટે વિચાર્યું, ભાષણો કર્યાં અને લેખો લખ્યા. આથી તેઓ વિવિધ વિષયો પર લખી શક્યા અને અનેકોને પ્રેરણા આપી. પ્રજાજીવનના પ્રતિબંધને તેમનાં લખાણોમાં સાંગોપાંગ ઝીલ્યું હતું. એટલું જ નહીં નવા આદર્શો રજૂ કરી પ્રજાને દોરવણી આપીને તેનું ઘડતર કર્યું અને તેમાંથી જન્મેલું પત્રકારત્વ એ સમાજને સ્વાધીનતા, સ્વાશ્રયી તથા સ્વાવલંબનની નવી દિશા તરફ લઈ જનારું હતું.

આદર્શ પત્રકાર તરીકે તેઓ નવજીવન દ્વારા લોકચાહનાની ચરમસીમાએ હતા. નવજીવનની નકલો દિનપ્રતિદિન વધતી જતી હતી. હરીજન, હરીજનબંધુ, યંગ ઇન્ડિયા પણ અત્યંત અસરકારક અખબાર હતાં. એકપણ જાહેરખબર લીધા વિના પત્રો ચલાવવા શક્ય છે એ પણ તેમણે સિદ્ધ કરી બતાવ્યું. તેઓ માનતા કે જાહેરખબર સમાજને ગેરમાર્ગે દોરે છે. દ્રવ્ય લઈને સમાજને ગેરમાર્ગે દોરવાનો? પત્રકારને તેઓ ન્યાયધિશનો વ્યવસાય ગણતા. તેઓ વિરોધીઓના ગુણો તથા તેમના અનુયાયીઓના અવગુણો પણ પ્રસિધ્ધ કરતાં.

બારડોલી સત્યાગ્રહ વખતે તેમણે નવજીવનમાં કેડી ઉપર કટક અગ્રલેખ લખ્યો. જ્યાં સેનાપતિ ચોવીસે કલાક જાગતો છે ત્યાં ચેતવણી શી આપવી? નિરંતર જાગૃતિ એ સત્યાગ્રહીની અનિવાર્યતા છે. સત્યાગ્રહ એ જડીબુટ્ટી છે તેમાં વધઘટને અવકાશ નથી. બીજા એક લેખમાં સરકાર વિશે નિર્ભયતાથી લખ્યું કે સરકારી નોંધની લીટીએ લીટીમાં હું તો વિપરીત બુદ્ધિ જ જોઈ રહ્યો છું. બારડોલીના સત્યાગ્રહીઓ શું માગે છે એ સમજવાનો પ્રયત્ન સરખો નથી કર્યો. પાંચ કલાકની મસલતની અંતે ધૂળની ધૂળ જ રહી.

આ રીતે ગુજરાતી પત્રકરાત્વમાં એક નવું પ્રકાશન ગાંધીજીએ કર્યું. પત્રોનો જાહેર ઉપયોગ, મૃત્યુનોંધ, પ્રશ્નોત્તરી, ઉપદેશ, લોકશિક્ષણ, અન્યાયને પડકાર વગેરે વિવિધ ળખાણોથી પત્રકારત્વને જનસેવાનું ઉત્તમ સાધન બનાવ્યું.

- સ્વાતિ જતિન શુક્લ

‘જય જવાન, જય કિસાન’નો નારો આપનાર લાલ બહાદુર શાસ્ત્રીનો આજે જન્મ દિવસ

બીજી ઓક્ટોબરે બે મહાન વ્યક્તિઓના જન્મ થયા હતા જેની સામે આખી દુનિયાનુ માથુ ઝુકી જાય છે. તેમણે પોતાના નવા વિચારોથી દેશ અને વિશ્વને નવી દિશા આપી હતી. જેમાં એક હતા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી અને બીજા આપણા ભૂતપૂર્વ વડાપ્રધાન લાલ બહાદુર શાસ્ત્રી. ‘જય જવાન, જય કિસાન’નો નારો આપનાર લાલ બહાદુર શાસ્ત્રીનો જન્મ દિવસ પણ ગર્વથી મનાવવામાં આવે છે. શાસ્ત્રીજીનો જન્મ ૨ ઓક્ટોબર, ૧૯૦૪ના રોજ મુગલસરાય, ઉત્તરપ્રદેશમાં મુંશી શારદા પ્રસાદ શ્રીવાસ્તવના ઘરે થયો હતો. લાલ બહાદુર શાસ્ત્રીએ હંમેશા સાદુ જીવન વિતાવ્યુ હતુ. લાલ બહાદુર શાસ્ત્રીએ દુનિયાને શિખવ્યુ હતુ કે જો માણસ આત્મવિશ્વાસથી ભરપુર હોય તો તે દરેક મુકામ હાંસલ કરી શકે છે. શાસ્ત્રીજી ૧૮ મહિનાના હતા ત્યારે તેમના પિતાનુ નિધન થઈ ગયુ હતુ. ત્યારબાદ શાસ્ત્રીજીના મા તેમના પિયર નનિહાલ લઈ આવ્યા અને ત્યાં શાસ્ત્રીજીનુ પ્રાથમિક શિક્ષણ થયુ. તેમના જન્મ સમયે અટક શ્રીવાસ્તવ હતી પરંતુ કાશી વિદ્યાપીઠથી તેમને શાસ્ત્રીની પદવી મળતા તેમણે તેમની અટક શાસ્ત્રી કરી નાખી હતી. તેમનું પ્રાથમિક શિક્ષણ ઘરમાં જ પૂરુ થયું.

એમનું શિક્ષણ હરિશચંદ્ર ઉચ્ચ વિદ્યાલય અને કાશી વિદ્યાપીઠ ખાતે થયું હતું. જીવન દર્શન એમના પિતા મિર્ઝાપુરના શ્રી શારદા પ્રસાદ અને એમના માતા શ્રીમતી રામદુલારી દેવીના ત્રણ પુત્રોમાંથી તેઓ બીજા હતા. આ ઉપરાંત શાસ્ત્રીજીએ શાસ્ત્રોના વિદ્વાનની ઉપાધી પણ કાશી વિદ્યાપીઠમાંથી મેળવી હતી. તેઓ સંસ્કૃતના સ્નાતક થયા હતા. તેમણે તેમના જીવનમાં બે યાદગાર નારા આપ્યા. ’મરો નહી, મારો’ અને ’જય જવાન, જય કિસાન’. આ બંન્ને નારાઓ તે સમયે ઘર ઘરમાં ગુંજી ઉઠ્યા હતા. અભ્યાસ પછી તેઓ ભારત સેવક સંઘમા જોડાયા હતા અને દેશ સેવા માટે સાચા ગાંધીવાદી બની ગયા હતા. જૂન ૧૯૬૪માં તેઓ ભારતના બીજા વડાપ્રધાન બન્યા. શાસ્ત્રીજીએ બે વર્ષ સુધી વડાપ્રધાન પદ સંભાળ્યુ. શાસ્ત્રીજીનો કાર્યકાળ ૯ જૂન ૧૯૬૪ થી ૧૧ જાન્યુઆરી ૧૯૬૬ સુધી રહ્યો. તાશ્કંદમાં પાકિસ્તાનના રાષ્ટ્રપતિ અયુબ ખાન સાથે યુધ્ધ ન કરવાના ઘોષણાપત્ર પર હસ્તાક્ષર કરવા ગયા હતા ત્યાં તેમનુ રહસ્યમય રીતે મૃત્યુ થયુ હતુ. તાશ્કંદ સરકારનુ કહેવુ છે કે તેમનુ મૃત્યુ હાર્ટ એટેકથી થયુ છે. જ્યારે તેમનુ મૃત્યુ થયુ ત્યારે તેઓ ભારતના વડાપ્રધાન હતા. ભારત તેમની સાદગી, ઈમાનદારી એને દેશ ભક્તિને હંમેશા યાદ કરતુ રહેશે.

- ભરત ગાંગાણી